Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# "દ્રૌપદી" નવલકથામાં યાજ્ઞસેનીનું ચરિત્રચિત્રણ

NAME OF AUTHOR: PRAJAPATI POOJABEN KAMLESHBHAI
PH. D SCHOLAR (H.N.G.U. PATAN)
EMAIL ID: poojaoza917@gmail.com

પ્રસ્તાવના :

ઉડિયા ભાષાના પ્રખ્યાત લેખિકા પ્રતિભારાય દ્વારા દ્રૌપદી નવલકથાની રચના કરવામાં આવી. પરંતુ આ નવલકથા ઉડિયા ભાષામાં પ્રાપ્ત થાય છે. આ નવલકથાનો સૌપ્રથમ ગુજરાતી અનુવાદ જયા મહેતા દ્વારા કરવામાં આવ્યો. આ નવલકથા મહાભારત આધારિત છે.

મહાભારતને 'મહાકાવ્ય' તરીકે પણ ઓળખવામાં આવે છે. મહાભારત એક યુધ્ધ હતું પરંતુ તેને ધર્મયુધ્ધ ગણાવી શકાય જે ધર્મની રક્ષા માટે થયું હતું. વિવિધ નર અને નારી પાત્રો આ નવલકથામાં અસ્તિત્વ ધરાવે છે. પરંતુ "દ્રૌપદી"ને કેન્દ્રમાં રાખી ખૂબ સુંદર રીતે તેના ચરિત્રચિત્રણનું આલેખન કરવામાં આવ્યું છે. સમાજમાં નારીની કથા અને વ્યથા સમગ્ર સમાજમાં છતી થવી જોઈએ. દ્રૌપદીની સહનશીલતાની પ્રતિમા ગણી શકાય જિંદગીમાં બધુ જ ગુમાવ્યા પછી કઈ રીતે તટસ્થ રહી શકાય તે આપણને દ્રૌપદી પાસેથી શીખવા મળે છે.

**૧. આત્મસ્વમાની દ્રૌપદી:**

દ્રૌપદી મહાભારતનું અદ્વિતીય પાત્ર કહી શકાય. એક પત્ની અને પાંચ પતિ. તમામને સમાન ન્યાય આપી ચાલવું અને જીવન વ્યતીત કરવું ખૂબ અઘરું છે. છતાં તે પોતાની સમજદારી સાથે સંબંધોને સમાન ન્યાય આપવા પ્રયત્ન કરે છે.

દ્રુપદની પુત્રી જેનો જન્મ અગ્નિકુંડમાંથી થયો અને એ પણ ગુરુ દ્રૌણ સાથે બદલો લેવા માટે. તેથી તેના સ્વભાવમાં ક્રોધરૂપી અગ્નિ પ્રજ્વલિત હતો. દ્રૌપદી સ્વમાની, નીડર, સહનશીલ અને કરૂણાસભર વ્યક્તિત્વ ધરાવતું પાત્ર છે. તેનામાં જવાબ આપવાની સાથે પ્રશ્ન પૂછવાની પણ તાકાત છે. ચીરહરણ વખતે કર્ણને 'સૂતપુત્ર'થી સંબોધિત કરે છે. દુ:શાસન અને દુર્યોધનને અપશબ્દો કહે છે. પોતાના પતિઓ પાસે પોતાનો અધિકાર માંગે છે. ગુરુદ્રોણ, ભિષ્મપિતામહ,

કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર વગેરે જ્ઞાનીઓથી ભરેલી સભામાં દ્રૌપદીના પ્રશ્નો સર્વને નિરુત્તર કરે છે. તેને પોતાના ચરિત્રને રક્ષા અર્થે પ્રાર્થના કરે છે. કૃષ્ણ તેમની મદદ અવશ્ય કરે છે. દ્રૌપદી કૃષ્ણને પણ પ્રશ્ન પૂછતા અચકાતી નથી. કુંતામાતાની આજ્ઞાને શિરોધાર્ય કરી જીવનપર્યંત નિભાવે છે. આત્મસ્વમાન ઘવાય તેવા લોકોથી દૂર રહેવું તેનો સ્વભાવ હતો.

**૨. સહનશીલ વ્યક્તિત્વ- પાંચાલી**

દ્રૌપદીના સ્વંયવર વખતે મત્સ્યનેત્ર વેધ દ્વારા વરની પસંદગી હતી. પરંતુ દ્રૌપદી મનોમન કૃષ્ણના પ્રિય મિત્ર અર્જુનને વરી ચુક્યા હતાં, છતાં સ્વયંવરમાં તેમના મનમીત અર્જુન પતિ સ્વરૂપે પ્રાપ્ત કર્યાં છતાં માતા કુંતાના આદેશથી પાંચ પતિઓનો સ્વીકાર કરે છે. વનવાસ, અજ્ઞાતવાસ દરમિયાન દુ:ખસહન કરી પોતાના કર્તવ્ય પ્રત્યે સજાગ રહે છે. પોતાના પતિઓની સેવા સાથે તેમના આજ્ઞાનું પાલન કરે છે. પોતાના પાંચેય પુત્રોના વધ પોતાની નરી આંખે જુએ છે. છતાં અશ્વત્થામાંને દંડ ન આપતા અને તેની માતા હરિતાને પુત્રવિહોણી ન કરતાં અશ્વત્થામાને માફ કરે છે. તેની સાથે થયેલા અન્યાયના કડવાં ઘૂંટ સહજભાવે પી જાય છે. દ્રૌપદી મત્સ્યદેશના રાણી સુદેષ્ણાની દાસી તરીકે અજ્ઞાતવાસ વિતાવે છે. સરેન્દ્રી બની તેમની સેવા કરે છે. સુદેષ્ણાના ભાઈ કીચક દ્વારા પણ તેનું અપમાન કરવામાં આવ્યુ. તે સમયે ભીમ તેમના રક્ષણ માટે આવે છે. વનવાસ દરમિયાન પણ સુખથી વંચીત રહી જતી પાંચાલી ક્યારેક જીવનને ધિક્કારે છે.

જીવનમાં સ્ત્રી વિવિધ પરિસ્થિતિમાંથી પસાર થાય છે. વિકટ પરિસ્થિતિમાં તેનો સામનો શાંત મન દ્વારા કરવો જેથી પોતે લીધેલા નિર્ણય અને પોતે ઉચ્ચારેલા શબ્દ પર ક્યારેય નીચું ન જોવું પડે. નારીએ સહનશીલતાની મૂર્તિ સમાન છે પરંતુ આધુનિક સમયમાં સહનશીલતાનું પ્રમાણ ઘટતું જોવા મળી રહ્યું છે.

**૩. મધુસુધન પર અતૂટ વિશ્વાસ:**

દ્રૌપદીને કૃષ્ણ અતિ પ્રિય હતા. તેમને કૃષ્ણને પોતાના બનાવવાની ઝંખના હતી પરંતુ કૃષ્ણએ તેમને અર્જૂનને પામવાનો રસ્તો બતાવ્યો. અર્જૂન કૃષ્ણનો પરમ ભક્ત હતો માટે દ્રૌપદી અર્જૂનને વરે છે. કૃષ્ણ તેમને કૃષ્ણા તરીકે સંબોધિત કરે છે. પાંચ પતિનો સ્વીકાર અસ્હય હોવા

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

છતાં કૃષ્ણના કહેવાથી સ્વીકારે છે. દ્યૂતક્રિડા ભવનમાં દ્રૌપદીની લાજ રાખે છે. જીવનમાં આવતી મુશ્કેલીનો સામનો ક્યારેક એકલા સહન કરવાનો થાય ત્યારે કૃષ્ણ દ્રૌપદીને યોગ્ય સલાહ સાથે સાચો રસ્તો પણ બતાવે છે. વનવાસ દરમિયાન પણ કૃષ્ણ પાંચ પાંડવ અને દ્રોપદીને મળતા રહે છે. યુધ્ધ સમયે કૃષ્ણ પાંડવોના પક્ષમાં રહે છે અને અર્જૂનના સારથી બને છે.

કૃષ્ણના અંતિમ શ્વાસ સમયે દ્રૌપદી તેમની પાસે હતા કૃષ્ણ તેમને જીવન સાથે મોહને ટકાવી રાખવામાં મદદરૂપ થતાં. દ્રૌપદીદ્રઢ સંકલ્પ ધરાવનાર નારી હતી. કૃષ્ણ તેમની હિંમત અને નબળાઈ બંને હતાં. કૃષ્ણ મહાભારતના યુધ્ધમાં લડતા નથી પરંતુ અર્જૂનને ગીતાનું જ્ઞાન આપી તેમના વિરાટ સ્વરૂપના દર્શન કરાવે છે.

કૃષ્ણ એવું પાત્ર છે જે બધાને મોહિત કરી મુકે છે. તેમની લીલાને સાંભળવી ગમે, તેમનામાં વિશ્વવાસ ધરાવો ગમે તેમના બાળ સ્વરૂપને બધા પૂજે છે. તેમનામાં રાખેલ શ્રદ્ધા જીવનની વિષમ પરિસ્થિતિમાં હિંમત આપે છે. ગોપી, ગોકુળ અને વૃંદાવન જેનું ઘેલું છે એવા કૃષ્ણ દ્રૌપદીના સખા છે.

**૪. દ્રૌપદીના જીવનની વ્યથા:**

અગ્નિમાથી જન્મેલી દ્રૌપદીના જીવનમાં ક્યારેય અગ્નિની જ્વાળા શાંત થઈજ નહી તેના હદયમાં હંમેશા અપમાનના તીર ભોંકાયા કરતાં. ન્યાય મેળવવાની ધીરજમાં કેટલીય રાતો નિદ્રાં વિહોણી વ્યતીત કરી છે. પોતાના મનગમતા પાત્ર સાથે લગ્નગ્રંથીએ જોડાયા છતાં અર્જૂનને સંપૂર્ણપણે પામી શકતી નથી અને પાંચ પતિની વચ્ચે વહેંચાઈને રહી જાય છે. અર્જૂન પત્ની સ્વરૂપે સુભદ્રાને લઈ આવે છે, પરંતુ સુભદ્રાના આગમન સમયે તે મનમાં દુ:ખની લાગણી અનુભવે છે. અર્જૂનને મેળવીને પણ સંપુર્ણ પામી ન શકવાનું દુ:ખતે આજીવન અનુભવે છે. છતાં સુભદ્રા કૃષ્ણની બહેન હોવાથી તેને પોતાની બહેન સમજી તેની મનોવ્યથાને હદયના કોઈ ખુણામાં એકત્ર કરી હસતા મુખે તેનું સ્વાગત કરે છે. હસતો ચહેરો રાખવો અને આંસુ વિના રડવું ખુબ કપરી અનુભૂતિ છે, છતાં દ્રૌપદી દુ:ખને તેના જીવનનો મહામંત્ર સમજીને સ્વીકાર કરે છે. પોતે કોઈ સંપતિ નથી છતાં ધૃતમાં મોહાંધ યુધિષ્ઠીર તેને દાવ પર લગાવે છે.

જીવનમાં નારી પાત્ર જેટલું કરૂણ છે તેટલું જ મનથી મક્કમ અને કઠોર પણ છે. પોતાના સ્વભાવને પાણી સ્વરૂપ આપી કોઈપણ પાત્રમાં સમાવિષ્ટ થવાનો ગુણ નારી સિવાય પુરૂષમાં ભાગ્યે જ જોવા મળે છે. દુશાસનના જાંઘના રક્તથી વાળ ધોઈશ તે પર્યંત જ વાળ બાંધીશ આવી કઠોર નિર્ણયશક્તિ દ્રૌપદીમાં જ જોવા મળે છે. ત્યાં સુધી તે ખુલ્લા કેશમાં ફરે છે અને પોતાના કુળનો વિનાશ થતા પ્રત્યક્ષ જોવે છે.

**૫. દેહાભિમાનયુક્ત નારી:**

દ્રૌપદી સુંદર, સુશીલ, સમજદાર વ્યક્તિત્વ ધરાવતું મહાભારતનું શ્રેષ્ઠ પાત્ર છે. તેનાં લાંબા કેશ તેના સૌંદર્યમાં વધારો કરે છે. પરંતુ આ લાંબા કેશ પકડીને જ દુ:શાસનભરી કુરુસભામાં તેને અપમાનીત કરે છે. તેની આંખો, તેની ચાલ, તેના ભમર કોઈ પણ પુરૂષને મોહિત કરે તેવા હતાં. પાંચ પતિની પત્ની હોવાથી તેને અભિમાન હોય છે. દ્રૌપદી એવું માને છે કે આર્યવર્તમાં તેના જેવું કોઈ સુંદર નથી. પરંતુ અભિમાન કોઈ વધુ સમય રહેતું નથી સમય સાથે તેનો મદ ઉતરે છે. જ્યારે અર્જૂન સુભદ્રા સાથે વિવાહ કરે છે ત્યારે દ્રૌપદીનું પૂર્વાનુમાન ખોટું પડે છેં. ત્યારે દ્રૌપદી વિચારે છે કે અર્જૂન તેમના સિવાય કોઈ પણ નારી પ્રત્યે ન આકર્ષાય. સુભદ્રા ખૂબ જ તેજસ્વી અને સુંદર નારી છે. તેના મોહમાં અર્જૂન પડે છે ત્યારે દ્રૌપદી સુભદ્રાને જુએ છે. પછી તેનો મદ ઉતરે છે. અર્જૂન સંપૂર્ણરીતે સુભદ્રાને સમર્પિત છે.

પોતાના જીવનસાથીને અન્ય સ્ત્રી સાથે વહેંચવાની પીડા ખૂબ જ અસહ્ય હોય છે. તે મનમાં ગ્લાનિ અને ઈર્ષ્યા ભરી દે છે. જીવન નિરર્થક લાગે છે. વિશ્વાસનાં તાંતણા તૂટી જતાં બદલાની ભાવના જન્મ લે છે. અભિમાન બહુ લાંબા સમય સૂધી રહેતું નથી તેનું આયુષ્ય ખૂબ જ ટૂંકુ હોય છે.

દ્રૌપદીના સૌદર્યથી પાંચે પાંડવ, જયદ્રથ, કર્ણ, કિચક જેવા મહારથી પણ આકર્ષાયા હતા. પરંતુ છેલ્લા શ્વાસ સમયે આ પાંચેય મહારથી જેનાપર દ્રૌપદીને ખૂબ જ અભિમાન હોય છે તે તેની સહાય માટે આવતા નથી. તેને નિ:સહાય અવસ્થામાં મૂકી આગળ વધી જાય છે.

**૬. હિમશિલા પર છેલ્લા શ્વાસ:**

ઈન્દ્રપ્રસ્થની પટરાણીએ જીવનમાં અનેક સંઘર્ષો સહન કર્યા પછી પણ દુ:ખતેમનો પીછો છોડતું નથી. જીવનના અંતિમ શ્વાસમાં જ્યારે પાંડવો સ્વર્ગ પ્રયાણ કરે છે ત્યારે તે ફસડાઈ પડે છે. પાંચેય પતિમાંથી એકપણ પાછા વળીને દ્રૌપદીની મદદ માટે આવતા નથી. દ્રૌપદી ત્યાં નિ:સહાય અવસ્થામાં પડી ત્યારે તે પોતાના આખા જીવનવૃતાંતને મનમાં વાગોળે છે. એક પછી એક વિદાય આપી રહેલા અને આપી ગયેલા સંબંધોને વાગોળે છે. એક સ્ત્રીના અપમાનના બદલામાં ન્યાય મેળવવા કેટલા સંબંધો, કેટલી લાગણી અને એક કુળ વિનાશને આરે આવી જાય છે. પોતાના જ પોતાનો વધ કરવા માટે આતુર બની જાય છે. આવી અવસ્થામાં દ્રૌપદીને એકમાત્ર કૃષ્ણ યાદ આવે છે. તે કૃષ્ણને પ્રાથના કરે છે અને છેલ્લી ભીખ માંગે છે.

પ્રથમ- "ક્યારેય કોઈ નારી એકસાથે એકથી વધુ પતિ ન કરે. એવું શાસ્ત્રવચન કરી દો."[૧]

બીજુ- "શત્રુને પણ પુત્ર શોક ન દેશો." [૨]

ત્રીજુ- "નારીને રૂપવતી કરો, પણ પુરૂષને આટલો કામાંધ ન કરો."[3]

ચોથુ- "જાતિ, ધર્મ, ભાષા, વર્ણને કારણે હસ્તિના અને ઈન્દ્રપ્રસ્થની જેમ કોઈ દેશના ટુકડા ન થાય."[૪]

દ્રૌપદી એટલે એક અદ્ભુત પાત્ર જેણે સાદગીને પોતાનો પોશાક અને અનૂભવને પોતાનું વ્યક્તિત્વ બનાવ્યું હતું. આધુનિક સમાજમાં બનતા બનાવો પ્રત્યે નારી જેટલી સભાન છે એટલી સભાન અવસ્થામાં તે સમયે દ્રૌપદી હતી. પોતાના અધિકાર અને ન્યાય માટે કાંઈ પણ કરી છૂટવા માટે તત્પર પાત્ર એટલે દ્રૌપદી. એને રાજમહેલમાં રહેતા પણ આવડે છે અને ઝૂંપડીમાં પણ રહેતા આવડે છે. તે તેની મર્યાદા જાણે છે કર્તવ્ય અને ધર્મ પ્રત્યે સભાન પણ છે.

જયા મહેતાએ દ્રૌપદી નવલકથાનું જે માતૃભાષા ગુજરાતીમાં અનુવાદ આપ્યું છે તેમાં તેમના ચરિત્રચિત્રણને ખૂબ જ સુંદર રીતે અભિવ્યક્ત કર્યું છે. નારીએ પોતાના સ્વામાન વિશે હંમેશા સજાગ રહેવું તે આ નવલકથાની શીખ છે.

આમ, નારીચેતનાને પ્રદર્શિત કરતી સુંદર કૃતિ એટલે "દ્રૌપદી"

**સંદર્ભસાહિત્ય:-**

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

દ્રૌપદી- અનુવાદ- જયા મહેતા પ્રથમ આવૃત્તિ- ૧૯૯૫ / એજન- ૧,૨,૩,૪ પાનાં નંબર- ૨૭૧